જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૧/૨૦૨૨ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૦૨/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૧ | ૬૪,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૩ કેસ કરી, ૯૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧૬ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૬ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તથા જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૦૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી.૯૩ મુજબ ૯૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૫/૨૦૨૨**

**શાહીબાગઃ** મહેન્દ્રભાઈ ગોપાલભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૯)(રહે.ઉત્તરગુજરાત સોસાયટી વિભાગ-૧ રાજનગર મીલ રોડ શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૨૨/૧૧/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન મોહન સિનેમા સર્કલ પાસે આવેલ માજીસા કિરણા સ્ટોર તથા શ્રીજી ડેરી પાર્લર નામની દુકાનનુ શટલ ઉચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, "માજીસા કિરાણા સ્ટોર" માંથી રોકડ રૂપિયા ૨૮,૦૦૦/- તથા દિનેશભાઈ દુલીચંદભાઈ અગ્રવાલ નાઓની "શ્રીજી ડેરી પાર્લર" માંથી રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પારેખ ચલાવે છે.

**વટવાઃ** મોહમદરિયાજ મોહમદજાકારીયા શેખ (ઉ.વ.૫૩)(રહે.મહેરાજ રેસીડેન્સી વિભાગ-૧, ત્રીજો માળે, શકુરી મસ્જીદની બાજુમા, સૈયદવાડી, વટવા) એ તા.૨૨/૧૧/૨૦૨૨ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૨ રાતના ૧૧/૩૦ થી તા.૧૭/૧૧/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, કાંડા ઘડીયાળ નંગ-૮ તથા મોબાઇલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા ૩૮,૫૦૦/- મળી કુલ રૂપિયા ૭૬,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સી.એચ.રબારી ચલાવે છે.

**વેજલપુરઃ** અસ્પાકહુશૈન રસુલભાઇ સરવૈયા (ઉ.વ.૩૭)(રહે.અયાનપાર્ક ફઝલેરબ્બી પાર્કની અંદર, બરફની ફેક્ટરી રોડ, જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૧/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ થી તા.૨૧/૧૧/૨૦૨૨ ના કલાક ૦૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક મકાનનો પાછળનો દરવાજો તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૬/૨૦૨૨**

**નરોડાઃ** રેખાબહેન વા/ઓ શાંતિલાલ પ્રજાપતિ (ઉ.વ.૫૦)(રહે.ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર) એ તા.૨૨/૧૧/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૨૦૨૨ સવારના ૯/૦૦ થી ૯/૧૫ વાગ્યા દરમ્યાન નરોડા પાટીયા સર્કલથી ખેડબ્રહ્મા જવા સારૂ એસ.ટી.બસમાં બેસવા જતા હતા ત્યારે કોઇ અજાણી વ્યક્તિએ રેખાબહેનની નજર ચુકવી તેમના ગળામા પેહરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.ટી.ડામોર ચલાવે છે.

**પાલડીઃ** શંકરભાઈ કાનાભાઈ ભરવાડ (ઉ.વ.૨૭)(રહે.ગોકુલનગર વિનોદ કંપની રોડ પીપલજ ગામ) એ તા.૨૨/૧૧/૨૦૨૨ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૧/૨૦૨૨ સાંજના ૫/૩૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન અંજલી બ્રીજ નીચે ચાર રસ્તા થી પાલડી ભઠ્ઠા “અસરફી આઈસક્રીમ” નામની દુકાન સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ડ્રાઈવર તથા રીક્ષામાં બેસેલ બીજા ત્રણ ઇસમો (૨૫ થી ૩૫ વર્ષના આશરાના) એ ભેગામળી શંકરભાઇની નજર ચુકવી તેમની પાસેના રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુક્લ ચલાવે છે.

**દાણીલીમડાઃ** સંજયભાઇ નગીનદાસ કોસાંબી (ઉ.વ.૫૬)(રહે.હરીચંદ્રપાર્ક સોસાયટી પ્રગતિનગર રોડ નારણપુરા) એ તા.૨૨/૧૧/૨૦૨૨ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૨ થી તા.૦૫/૧૧/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન અલગ-અલગ સમયે દાણીલીમડા તિરકરવાસ આંગણવાડીની બાજુમા આવેલ ટોરેન્ટ પાવર લિમીટેડના સબ સ્ટેશનના ટ્રાન્સફોર્મરમાંથી ૧૩૯૫ લિટર ઓઇલ, ટોપ વાલ્વ નંગ-૩, ટોપ વાલ્વ ગાર્ડ નંગ-૨, સીટીપીટી કેબલ ૫૪ મિટર, બોટમ વાલ્વ ગાર્ડ નંગ-૧ તથા ગેલ્વેનાઇજ ની અર્થીંગ પટ્ટી મળી કુલ રૂપિયા ૮૭,૦૦૦/- મતાનો સામાન કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૭/૨૦૨૨**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ(૧)** કનૈયાલાલ લાલશંકર સાકરીયા (ઉ.વ.૫૨)(રહે.નિગમનગર જનતાનગર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૧/૨૦૨૨ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ગાંધીબ્રિજ નીચે રિવરફ્રન્ટ ખાતે પોતાની જાતે એસીડ પી લેતા, સારવાર અર્થે તેમને યોગીજી મહારાજ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૧૧/૨૦૨૨ રાતના ૧૦/૫૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ કનૈયાલાલને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર પ્રેમજીભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ(૨)** વિશાલ રામુભાઇ પટણી (ઉ.વ.૨૦)(રહે.મણિલાલની ચાલી શાંતિનગરના છાપરા છેલ્લા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૧/૨૦૨૨ સાંજના ૬/૧૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે રીવરફ્રન્ટ ગાર્ડન ગેટ નંબર-૩ પાછળ રીવરફ્રન્ટ વોકવે ઘાટ નંબર-૫ નજીક સાબરમતી નદીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર પ્રેમજીભાઇ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** વિજય બદ્રિપ્રસાદ નાવરીયા (ઉ.વ.૩૫)(રહે.ન્યુ ભવાનીનગર, પોસ્ટ ઓફિસની સામે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૧/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની એંગલમાં સુતરની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ છનાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી